
# રાષ્ટ્ર ગૌરવ, સંસ્કૃતિ અને વૈશ્વિક મૂલ્યોના પોષક પ્રમુખસ્વામી મહારાજના અમૂલ્ય પ્રદાનને બિરદાવતા મહાનુભાવો








## અજોડ સંસ્કૃતિપુરુષ અને સનાતન હિન્દુ ધર્મના અર્વાચીન યુગના જ્યોતિર્ધર એવા પ્રમુખસ્વામી મહારાજને 'સંસ્કૃતિ દિન' નિમિત્તે અપાઈ ભવ્ય અંજલિ

આજે મહોત્સવના દ્વિતીય દિવસે, પ્રમુખસ્વામી મહારાજ નગરમાં સંધ્યા સભામાં વિશાળ ભક્તમેદનીથી છલકાતા નારાયણ સભાગૃહમાં રાજકીય, સામાજિક અને ઓદ્યોગિક ક્ષેત્રના અગ્રણીઓ પ્રમુખસ્વામી મહારાજ નગરનાં દર્શનાર્થે પધાર્યા હતા. તેઓ આજના વિશિષ્ટ 'સંસ્કૃતિ દિન કાર્યક્રમમાં સમ્મિલિત થયા હતા.

૧૦,૦૦૦ વર્ષ પુરાણી ભારતીય સંસ્કૃતિના જ્ઞાન, મૂલ્ય, અધ્યાત્મ વારસાની ભાગીરથીને સમગ્ર વિશ્વમાં પ્રવાહિત કરનાર પ્રમુખસ્વામી મહારાજે ભારતીય સંસ્કૃતિની ચેતનાને જનમાનસમાં જગાડવાનું અભૂતપૂર્વ કાર્ય કર્યું. સંસ્કૃતિના આધારસ્તંભો એવાં – શાસ્ત્ર, મંદિર અને સંત – ત્રણેયને પોષણ આપી ભારતીય સંસ્કૃતિને નવપલ્લવિત કરી. યુગપુરુષ પ્રમુખસ્વામી મહારાજના સંસ્કૃતિરક્ષાના વિવિધ પાસાંઓને આજની વિશિષ્ટ સભામાં આવરી લેવામાં આવ્યાં હતાં.

પારાયણ પૂજન વિધિ અને ભગવાનના નામ-સ્મરણ-ધૂન, કીર્તન સાથે કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ભગવદ્ ગુણોના ધારક એવા પ્રમુખ સ્વામી મહારાજના વિરલ ગુણોનું દર્શન મ્છૅંજી સંસ્થાના વિદ્વાન સંત અને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના બૃહદ જીવનચરિત્રને આલેખનાર પૂ. આદર્શજીવન સ્વામીએ કરાવ્યું હતું.

મહાનુભાવોના સ્વાગત બાદ સનાતન હિન્દુ ધર્મનાં ત્રણ આધારભૂત શાસ્ત્રો – શ્રીમદ ભગવદ્ ગીતા, ઉપનિષદો અને બ્રહ્મસૂત્ર – એટલે કે પ્રસ્થાનત્રયી પર ભાષ્યની રચના કરનાર મ્છૅંજી સંસ્થાના વિદ્વાન સંત મહામહોપાધ્યાય પૂ. ભદ્રેશદાસ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજના સંસ્કૃતિ ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રદાન અને વિશ્વવ્યાપી સર્જનો – મંદિરોની અદ્ભુત સૃષ્ટિ વિષે પ્રકાશ પાડ્યો હતો.

આજના કાર્યક્રમમાં જમ્મુ અને કશ્મીરના લેફટનન્ટ ગવર્નર શ્રી મનોજ સિંહા, એલિકોન કંપનીના ચેરમેન અને મનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રયાસવીન પટેલ, ફોરેન એન્ડ કોમનવેલ્થ ઓફિસના સિક્યુરિટી ડિરેક્ટરશ્રી ભરતભાઈ જોશી, લીંબડીના ઠાકોર સાહેબ આદરણીય શ્રી જયદીપસિંહજી છત્રસાલજી સિંહજી, માધવાણી ગ્રૂપના ડિરેક્ટર શ્રી શ્રાઈ માધવાણી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર શ્રી કિરીટકુમાર પરમાર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ચેરમેન શ્રી હિતેશભાઈ બારોટ, શ્રી ગિરીશ દત્તાત્રેય, અને ં દ્ધ થી શ્રી ચાર્લ્સ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

### ઉપસ્થિત મહાનુભાવો

- શ્રી દીપક પારેખ, HDFC લિમિટેડ, ચેરમેન
- શ્રી ચંદુભાઈ વિરાણી, ફાઉન્ડર અને મેનેજિંગ ડિરેક્ટર, બાલાજી વેફર્સ પ્રાઈવેટ લિમિટેડ
- શ્રી ગોવિંદભાઈ ધોળકિયા, ફાઉન્ડર અને ચેરમેન, શ્રી રામકૃષ્ણ એક્ષ્પોર્ટસ પ્રાઈવેટ લિમિટેડ
- CA નીલેશ શાહ, મેનેજિંગ ડિરેક્ટર, કોટક મહિન્દ્રા એસેટ મેનેજમેન્ટ કંપની લિમિટેડ
- ડો. શર્વિલ પટેલ, મેનેજિંગ ડિરેક્ટર, ઝાયડસ લાઈફ સાયન્સીસ લિમિટેડ
- શ્રી અર્જુન હાંડા, ચેરમેન, ક્લેરિસ લાઈફ સાયન્સીસ
- પથિક પટવારી, GCCI
- અજય પટેલ
- યોગેશ પરીખ, સેક્રેટરી
- જૈનિલ શાહ, કો-ઓર્ડીનેટર

## જૂનાગઢના ધારાસભ્ય વ્યક્તિગત ખર્ચ માટે પગાર અને ભથ્થાનો ઉપયોગ નહીં કરે

### પગાર અંગે નવતર પહેલ : આર્થિક પરિસ્થિતિ નબળી હોય તેવી દીકરીઓ માટે પગાર વાપરશે



જૂનાગઢ,તા.૧૬

જૂનાગઢ ભાજપના ધારાસભ્ય સંજય કોરડિયા દ્વારા પોતાના પગાર અંગે નવતર પહેલ કરી છે. જેમાં ધારાસભ્ય તરીકે મળતો પગાર અને ભથ્થાઓ પોતે વ્યક્તિગત ખર્ચ માટે ન વાપરતા આ પગાર અને ભથ્થાઓ ગરીબ વિદ્યાર્થિનીઓ માટે વાપરવામાં આવશે તેવી જાહેરાત કરી છે. ઉપરાંત ધારાસભ્ય બન્યા બાદ તેમને વ્યક્તિગત રીતે શુભેચ્છકો અને સમર્થકો ભેટ-સોગાતો સાથે મળવા આવે છે.

તેને પણ ધારાસભ્ય સંજય કોરડિયા એ ફૂલ હાર કે બુકેને બદલે વિદ્યાર્થીઓને ઉપયોગી એવી પેન્સિલ બોક્સ, પેન જેવી વસ્તુઓ ભેટમાં આપે તેવી અપીલ કરી છે. જેને કારણે આ ભેટ-સોગાત એકઠી કરી અને જરૂરિયાતમંદ દીકરીઓને આપવામાં આવશે. જૂનાગઢના ધારાસભ્ય તરીકે કરેલી આ જાહેરાતને લોકોએ પણ સહર્ષ આવકારી છે અને તેમને વ્યક્ત કરેલી લાગણીને ધ્યાનમાં રાખી બુક્સ અને પેન્સિલને ભેટ તરીકે લોકો આપી રહ્યાં છે.

જૂનાગઢ ધારાસભ્ય સંજય કોરડિયા જણાવ્યું હતું કે, ધારાસભ્યનું જે પગાર અને ભથ્થું મળશે તે મત વિસ્તારની હોશિયાર અને જરૂરિયાતમંદ પરિવારની દીકરીઓ કે, જેમની આર્થિક પરિસ્થિતિ નબળી હોય તેવી દીકરીઓના એજ્યુકેશન અને હોસ્ટેલ ફી માટે પગાર અને ભથ્થાનો ખર્ચ ઉપયોગ કરવામાં આવશે. વ્યક્તિગત ખર્ચ માટે પગાર અને ભથ્થાનો ઉપયોગ કરવામાં નહીં આવે.

## તમામ સ્કૂલમાં ફરજિયાત ગુજરાતી ભણાવવાનું અમલ કરાવો : હાઈકોર્ટ

### જે કોઈ બોર્ડ કે પછી શાળાઓ પોતાના અભ્યાસક્રમમાં ગુજરાતી ભાષાનો સમાવેશ કરતી ના હોય તેમની વિરુદ્ધ રાજ્ય સરકારે કાર્યવાહી કરવી જોઈએ : સરકારને ટકોર કરતી હાઈકોર્ટે

અમદાવાદ, તા.૧૬

પ્રાથમિક શાળામાં ગુજરાતી ભણાવવા અને ફરજિયાત કરવા મામલે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ત્યારે સરકારને ટકોર કરતા હાઈકોર્ટે જણાવ્યું હતું કે જે શાળા પોતાના અભ્યાસક્રમમાં ગુજરાતી ભાષાનો સમાવેશ ન કરે તેની સામે કાર્યવાહી કરવાનું કહ્યું છે. એટલું જ નહીં, ગુજરાત હાઈકોર્ટ દ્વારા જણાવાયું છે કે તમામ બોર્ડને ગુજરાતી ફરજિયાત નિયમ લાગુ પડે છે.

મળતી માહિતી પ્રમાણે અમદાવાદ પ્રાથમિક શાળામાં ગુજરાતી ભાષા ભણવા અને ફરજિયાત કરવા મામલે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી થઈ છે. જેમાં હાઈકોર્ટે સરકારને જણાવ્યું હતું કે ગુજરાતી ભાષા ભણાવવા સરકાર લાચારી ના બતાવે. ગુજરાતી ભાષા ભણવવા માટેનો પરિપત્ર સરકારનો જ છે તો લાચારી શા માટે સરકાર બતાવી રહ્યું છે. ગુજરાત બોર્ડ સિવાયના તમામ બોર્ડને આ નિયમ લાગુ પડે છે. ત્યારે ફરજીયાત ગુજરાતી ભણવવાના નિર્દેશનો સરકાર અમલ કરાવે.

જે કોઈ બોર્ડ કે પછી શાળાઓ પોતાના અભ્યાસક્રમમાં ગુજરાતી ભાષાનો સમાવેશ કરતી ના હોય તેમની વિરુદ્ધ રાજ્ય સરકારે કાર્યવાહી કરવી જોઈએ તેવું હાઈકોર્ટે અવલોકન કર્યું હતું. હાઈકોર્ટે સરકારને ટકોર કરતા જણાવ્યું હતું કે માતૃભાષા ભણવી એ દરેક વ્યક્તિનો અધિકારી છે. જો સરકાર આ બધા નિયમની અમલવારી કરવામાં લાચાર બનતી હોય કે અશક્ષમ બનતી હોય તો કોર્ટ પોતાનો નિર્ણય આપશે.

## અમદાવાદ એરપોર્ટે હરિયાળા ભવિષ્ય અને કાર્બન ન્યુટ્રાલીટી માટે લગાવી છલાંગ

### લોકોને EVs અપનાવવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવી પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે

અમદાવાદ,તા.૧૬

સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટે કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવા અનોખી કામગીરી કરી છે. એરપોર્ટ પર કાર્બન ન્યુટ્રાલિટીને વધારવા નવી ૧૧ ઈલેક્ટ્રિક કાર અને ૬ ઈલેક્ટ્રિક સ્કૂટર્સ સામેલ કર્યા છે. નવા ઈલેક્ટ્રિક વાહનો હાલના પરંપરાગત વાહનોનું સ્થાન લેશે. જે ભવિષ્યમાં કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવા એરપોર્ટ ઓપરેટર્સની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

પર્યાવરણની દ્રષ્ટિએ સંવેદનશીલ એરપોર્ટ ઓપરેટર તરીકે SVPI એરપોર્ટે ગત વર્ષે ૩ ઈફ શરૂ કર્યા હતા, જેનો ઉપયોગ પેસેન્જર ટર્મિનલ શટલ તરીકે થઈ રહ્યો છે. ઉપરાંત બે મહિના પહેલા પણ એરપોર્ટે પરંપરાગત ઈંધણથી ચાલતી કારને બદલે ૨ ઈલેક્ટ્રીક કાર મૂકી હતી.વધારાની ૧૧ ઈફ-કારનો ઉપયોગ હાલની પરંપરાગત ઈંધણથી ચાલતી કારોના સ્થાને એરપોર્ટની વહીવટી અને ઓપરેશનલ જરૂરિયાતો માટે કરવામાં આવશે.

## વડોદરાના ગાયકવાડ પરિવારની અદ્ભૂત કારની આખરે ઘરવાપસી

અમદાવાદ, તા.૧૬

૪૦ના દાયકામાં અને આજના સમયમાં પણ જ્યારે આ સૌથી ખાસ લાગતી -૧૯૪૮ બેંટલે માર્ક ફૈં ડ્રોપ હેડ કપ રસ્તા પર ઉતરે તો સૌ કોઈ તેને આંખો પટપટાવ્યા વગર જતો રહી જાય છે.

લગભગ ૬૦ દાયકા પછી આ કાર ઘરે પરત ફરી છે. ૧૯૬૦માં શાહી પરિવારે આ કાર સાથેનો સંપર્ક ગુમાવ્યા પછી ગુરુવારે મોંઘી અને ખાસ રીતે ડિઝાઈન કરાવવામાં આવેલી બેંટલી કાર ગુરુવારે લક્ષ્મી વિલાસ પેલેસ પરત ફરી હતી. ૧૯૬૦માં આ કાર દેશની બહાર નીકળી ગયા પછી તેની સાથેનો શાહી પરિવારનો સંપર્ક તૂટી ગયો હતો.

મહારાજા પ્રતાપસિંહ ગાયકવાડે આ કારોની મહારાણીને ખાસ બરોડા સ્ટેટના શાંતિદેવી ગાયકવાડ માટે ૧૯૪૦માં ડિઝાઈન કરાવી હતી. દુનિયાની સૌથી મોંઘી કારમાંથી તે એક છે, હાલ આ કાર ગુરગ્રામમાં છે અને તે દુનિયાભરમાં ચાલી રહેલી વિન્ટેજ કારની રેલીમાં જોડાયેલી છે.

## વિવિધ સંગઠનોના પ્રયાસથી ભૂવાઓએ પચાવેલા ૩૫ લાખ પરત અપાવાયા

### પાંચ ભૂવાઓએ ભેગા મળીને બે ભાઈઓને છેતર્યા હતા : વીડિયો વાયરલ થતા અને તે પછી કરવામાં આવેલી કાર્યવાહીના કારણે ધાનેરાના મોટાભાગના ભુવાઓ ભુગર્ભમાં ઉતરી ગયા

થરાદ, તા.૧૬

ધાનેરા અને થરાદના ૫ ભુવાઓએ ભેગા થઈને બે ભાઈઓને આડીઅવળી વાતો કહીને તેમની પાસેથી રૂપિયા ૩૬ લાખ રૂપિયા અને દાગીના પડાવી લીધા હતા. આ ઘટનાનો વિડીયો સામે આવ્યા બાદ વિવિધ સંસ્થાઓ એક્ટિવ થઈ હતી અને અર્બુદા સેના તથા આગેવાનોએ એકઠા થઈને ભુવાએ લીધેલી તમામ રકમ પરત અપાવી છે. ભુવાનો વિડીયો વાયરલ થતા અને તે પછી કરવામાં આવેલી કાર્યવાહીના કારણે ધાનેરાના મોટાભાગના ભુવાઓ પણ ભુગર્ભમાં ઉતરી ગયા છે.

ભુવાઓએ ભેગા થઈને નવરાત્રી દરમિયાન પીડિત પરિવારને જણાવ્યું હતું કે તમારા ઘરે ૮૨ વર્ષ પહેલા માતા મૂકી છે અને જેના કારણે તમારે બાધા રાખવી પડશે. ભુવાઓની ટોળકીની વાતમાં આવી ગયેલા બન્ને ભાઈઓએ પોતાનું સારું થાય તે માટે ભુવાએ જણાવ્યા પ્રમાણે કર્યું હતું. આમ થવાથી ભાઈઓને સારું લાગતા ભુવાએ તેમનો ફાયદો ઉઠાવવાનો પ્લાન તૈયાર કર્યો હતો. તેમને જણાવવામાં આવ્યું કે તમારે ફરી દુઃખ શરુ ના થાય તેવું કરવું હોય તો ૧ રૂપિયાથી ૧ કરોડ સુધીનો ખર્ચ થઈ શકે છે.

ભુવાની દુઃખ દૂર કરવાની વાતમાં આવી ગયેલા ભાઈઓએ બીજેથી ૩૫ લાખ રૂપિયા ઉધાર લીધા હતા. આ રૂપિયાની સાથે તેમણે ૧.૭૦ લાખ રૂપિયાની ચાંદીની પાટ પણ આપી હતી. તેમણે આ રૂપિયા અને કિંમતી ધાતુ ૧૧ ડિસેમ્બરે તેમના ઘરે યોજવામાં આવેલી વિધિ દરમિયાન આપ્યા હતા. અંધશ્રદ્ધાથી પીડાતા લોકોનો ફાયદો ઉઠાવીને ભુવાની ગેંગ રૂપિયા પડાવતી હોવાનું જાણવા મળતા પોતાના રૂપિયા પરત મેળવવા માટે ફરિયાદ કરવામાં આવી હતી. આ વાતની જાણ અર્બુદા સેનાને જાણ થતાં સમાજના અગ્રણીઓને સાથે રાખીને પીડિત પરિવારને મળ્યા હતા અને ભુવાએ લીધેલી તમામ રકમ અને દાગીના પરત અપાવ્યા હતા.

### પાણીનો સપ્લાય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરી શકાશે નહીં જેથી સેકટરોમાં આ ટાંકી આધારિત પાણી સપ્લાય કરવાની કામગીરી પણ ઠપ્પ થઈ જશે. નભોઈ જી ઈ બી માં રીપેરીંગ કામ હાથ ધરવામાં આવનાર હોવાથી નભોઈ સ્થિત પમ્પીંગ સ્ટેશન પણ કાર્યરત રહી શકશે નહીં આવી સ્થિતિમાં શહેરમાં પાણી સ્ટોરેજ અન સપ્લાય માટે ઉપયોગમાં લેવાતી ઓવર હેડ અને અન્ડર ગ્રાઉન્ડ ટાંકીમાં જ પાણી આવશે નહી જેના લીધે જુના અને નવા સેકટરોમાં પણ સવારે અપાવામાં ાાવતો સપ્લયા આપી શકાશે નહીં. આ મામલે પાણી પુરવઠા બોર્ડ કક્ષાએથી પાટનગર યોજના વિભાગના તંત્રને પણ જાણ કરી દેવામાં આવી છે. રવિવારે રજાનો દિવસ હોવાથી સરકારી કચેરીઓ બંધ રહેશે ત્યારે સેકટરોના રહેણાંક વિસ્તારમાં પાણીનો સપ્લાય આપવામાં ન આવતા નગરજનોએ પાણીનો ઉપયોગ જાળવીને કરવો પડે તેવી સ્થિતિ છે. અલબત્ત શનિવારે સપ્લાયના અંતે પાણી સ્ટોર રાખવુ અને બગાડ ન થાય તેમ ઉપયોગ કરવો અનિવાર્ય છે.

### નંદ ઘરની...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જામી હતી જે જોઈ તેઓ અત્યંત પ્રભાવી થયા હતા.

બાળકોએ તેમની સામે ''ટામેટુ રે ટામેટુ મને બહુ ભાવે ટામેટુ'' ''ચકલી બોલે ચીં...ચીં...'' જેવા બાળગીતો ગાતાં તેઓ બાળકોથી મોહી પડ્યા હતા. બે બાળકો હિન્દીભાષી પણ આ નંદઘરમાં હતા તેમની સાથે હિન્દીમાં વાત કરી હતી.

આ પછી કેન્દ્રીય ગૃહમંત્રી દ્વારા સગર્ભા બહેનોને અપાતા 'લાડુ' યોજનાની જાણકારી મેળવી ત્યાં હાજર સગર્ભા મહિલાઓને લાડુનું વિતરણ પણ તેમના હસ્તે કરવામાં આવ્યુ હતુ.

મંત્રીએ આ નંદઘરની મુલાકાત દરમ્યાન પોષણ ટ્રેકર યોજના સહિત વિવિધ એપ દ્વારા ચાલતી યોજનાઓની જાણકારી મેળવી લાભાર્થીઓ વિશે પૃચ્છા કરી હતી.

તેમણે નંદઘરમાં બાળકોને સરકારે નિયત કરેલા મેનુ પ્રમાણે નાસ્તો અપાય છે કે નહિ, રમકડા બેન્ક કેવી ચાલે છે, કેટલા રમકડાઓ છે તે બધી જ બાબતોની વિગતો મેળવી ચાલી રહેલી કામગીરીને લઈ સંતોષ વ્યક્ત કર્યો હતો.

મંત્રીએ બાળકો સાથે બેસી અને થેપલા, ચણા અને સુખડીનો સ્વાદ માણ્યો હતો. ભોજન પહેલા પ્રાર્થના કરતા બાળકોને જોઈ તેઓ પણ બાળકો સાથે પ્રાર્થનામાં જોડાયા હતા અને ફરી પાછા મળીશુ તેમ કહી તેમણે બાળકોની વિદાય લીધી હતી.

આ મુલાકાતવેળાએ પ્રોગ્રામ ઓફિસર પારૂલબેન નાયક, અધિકારીઓ ત્રિપદાબેન પંડ્યા, તેજલબા ચાવડા, ઠાકરબેન તેમજ અન્ય અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

શિક્ષણમંત્રીએ રૂપાલ વરદાયિની હાઈસ્કૂલ અને માતાના મંદિરની મુલાકાત લીધી હતી આ પછી આજે બીજા મંત્રી ભાનુબેન બાબરિઆએ સે. ૩-એ-ન્યુના નંદઘરની મુલાકાત લીધી હતી જે નોંધનીય છે.

### બાર એસોસીએશન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોઈન્ટ સેક્રેટરી માટે ૨, તેમજ ખજાનચીના હોદા માટે ૩ વકીલોએ ઉમેદવારી નોંધાવી હતી. વિવિધ હોદાઓને અનુલક્ષી આજે વકીલોએ મતદાન કર્યુ હતુ. સવાર થી સાંજ સુધી મતદાનની પ્રક્રીયાના અંતે સાંજે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. ગાંધીનગર બારમાં છેલ્લા ૧૦ વર્ષથી સમરસતાથી હોદેદારોની નિમણુંક કરવામાં આવતી હતી. પરંતુ વર્ષ ૨૦૨૨-૨૩ ને અનુલક્ષી ગાંધીનગર બાર એસોસિએશનની ચુંટણીમાં ૨૩ વકીલોએ ઉમેદવારી નોંધાવતા ચુંટણી પ્રક્રીયા વધુ રસપ્રદ બની હતી. જયારે લાઈબ્રેરીયન સેક્રેટરી તરીકે મહીલા પ્રતિનિધિ અને કુલ સાત કારોબારી સભ્યોના હોદા માટેના ઉમેદવારો બિન હરીફ જાહેર થયા છે. જયારે આજે મતગણતરીના અંતે પ્રમુખ પદે રાજેન્દ્રસિંહ રાઓલ ચુંટાયા હતા. ઉપપ્રમુખ પદે ભુપેન્દ્રસિંહ ગોહીલ વિજેતા રહ્યા હતા. ખજાનચી તરીકે અજયપાલસિંહ ૩૪ મતે વિજેતા થયા હતા. આ ઉપરાંત જોઈન્ટ સેક્રેટરી તરીકે રાજેન્દ્રસિંહ ચાવડા ૧૪૨ મતે અને સેક્રેટરી તરીકે હસમુખ કે પટેલ વિજેતા જાહેર થયા હતા. ચુંટણીનુ પરિણામ જાહેર થતા વકીલોમાં ઉત્સાહનુ મોજુ ફરી વળ્યુ હતુ. કોર્ટ સંકુલ આસપાસના વિસ્તારમાં મોડી સાંજ સુધી ધમધમાટ જોવા મળ્યો હતો. પરિણામના અંતે ચુંટણીલક્ષી ઉત્તેજનાનો અંત આવ્યો હતો. વિજેતા ઉમેદવારોને વકીલોએ અભિનંદન આપી બિરદાવ્યા હતા. સમગ્ર ચુંટણી દરમિયાન ચુંટણી કમિશ્નર તરીકે પ્રવિણસિંહ રાઠોડ, શંકરજી ઠકોર, એ વી રાઠોડ, ધવલ મહેતા વાય એમ પટેલ, મુકેશ ડાભી રતનસિંહ રાઓલે ઉમદા ફરજ બજાવી હતી.

### 3 અરજી મળી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧૨ હજાર ઉપરાંત વધારાના દરેક ચોરસ મીટર પર રૂપિયા ૧૫૦ના દરથી બાંધકામને નિયમિત કરી આપવાની આ યોજનામાં જોગવાઈ છે. જ્યારે પાર્કિંગમાં રહેણાંકના કિસ્સામાં ખુટતા પાર્કિંગ માટે જંત્રીના દરના ૧૫ ટકા લેખે અને બિન રહેણાંકમાં જંત્રીના ૩૦ ટકા લેખે ચાર્જ ચૂકવીને કાયદેસરતા મેળવી શકાય તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે છેલ્લા કેટલાક દાયકામાં ગુડા વિસ્તારમાં પણ અનધિકૃત વિકાસ થયો છે. મોટાભાગનો વિસ્તાર કોર્પોરેશન મા સામેલ છે ત્યારે ગુડા ને આંગળીના વેઢે ગણી શકાય તેટલી જ અરજી મળી હોવાનું સ્પષ્ટ થયું છે.

### બજેટમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

નાણામંત્રીએ કહ્યું કે ભૂતકાળના અનુભવો ખૂબ જ પ્રેરણાદાયી અને પ્રેરક છે. ખાસ કરીને એવા સમયે જ્યારે આપણે દેશ માટે આગામી બજેટ તૈયાર કરી રહ્યા છીએ. અગાઉના બજેટની ભાવનાને અનુસરતું બજેટ. તેમણે કહ્યું કે આ વખતે પણ અમે તે ટેમ્પલેટ સેટ કરવા જઈ રહ્યા છીએ જે પહેલા સેટ કરવામાં આવ્યો હતો. આ બજેટને ભારત માટે મહત્વપૂર્ણ ગણાવતા તેમણે કહ્યું કે શા માટે આગામી ૨૫ વર્ષ સુધી દેશને આગળ લઈ જનારું બજેટ છે.

### પાંચ બેંકોએ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડિસેમ્બર, ૨૦૨૨ થી લાગુ થશે અને હવે આ બેંક એક રાતથી ત્રણ વર્ષ સુધીના સમયગાળા માટે ૭.૬૫ ટકાથી ૮.૪૦ ટકા સુધીનો વ્યાજદર વસૂલ કરી રહી છે. રાજ્યની માલિકીની બેંક યુનિયન બેંક ઓફ ઈન્ડિયાએ તમામ કાર્યકાળ માટે સ્ઝ્રન્ઇમાં ૫ બેસિસ પોઈન્ટનો વધારો કર્યો છે. આ નવા દરો ૧૧ ડિસેમ્બર ૨૦૨૨થી લાગુ થશે. વધારા બાદ હવે સ્ઝ્રન્ઇ બેન્ચમાર્ક ૭.૫૦ ટકાથી વધીને ૮.૬૦ ટકા થઈ ગયો છે.

### હંમેશા તૈયાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘોરમાડેએ વિજય દિવસના અવસરે રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ ઉપરાંત રક્ષા મંત્રી રાજનાથ સિંહ પણ નેશનલ વોર મેમોરિયલ શહીદોને શ્રદ્ધાંજલિ આપવા પહોંચ્યા હતા.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએઆજે કહ્યું કે, દેશ ૧૯૭૧ના યુદ્ધ દરમિયાન દેશની સશસ્ત્ર દળોની અસાધારણ બહાદુરીને કૃતજ્ઞતા સાથે યાદ કરે છે. તેમની અપ્રતિમ હિંમત અને બલિદાનની વાર્તાઓ દરેક ભારતીયને પ્રેરણા આપે છે.

### ડીકોર્ડ કર્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

વ્યાકરણની રીતે ખોટા પરિણામો આપે છે. મેટારુલની આ પરંપરાગત અર્થઘટનને રાજપોપટ દ્વારા એવી દલીલ સાથે નકારી કાઢવામાં આવી હતી કે પાણિનીનો અર્થ અનુક્રમે શબ્દની ડાબી અને જમણી બાજુએ લાગુ થવાના નિયમો છે. પાણિની ઈચ્છતા હતા કે આપણે જમણી બાજુ લાગુ પડે તેવો નિયમ પસંદ કરીએ. તેમણે તારણ કાઢ્યું કે પાણિનીની "ભાષા મશીન" ને લગભગ અપવાદ વિના વ્યાકરણની રીતે સાચા શબ્દોનું નિર્માણ કરે છે. તેણે ઈન્ડિપેન્ડન્ટને કહ્યું, "મારી પાસે કેમ્બ્રિજ ખાતે એક યુરેકા મોમેન્ટ હતી... આ કોયડાને ઉકેલવાના નવ મહિના પ્રયાસ કર્યા પછી, હું તેને છોડી દેવાનો હતો. મને ક્યાંય ઉકેલ મળ્યો ન હતો. મેં એક મહિના માટે પુસ્તકોને બંધ કર્યા અને માત્ર ઉનાળાનો આનંદ માણ્યો. તરવું, સાયકલ ચલાવવું, રસોઈ કરવી, પ્રાર્થના કરવી અને ધ્યાન કરવું. પછી અનિચ્છાએ હું કામ પર પાછો ગયો, અને થોડીવારમાં, જેમ જેમ મેં પાનાં ફેરવ્યા, આ દાખલાઓ બહાર આવવા લાગ્યા અને પછી તે બધું શરૂ થયું.અને આ બધું સમજાવા લાગ્યું." કોયડો ઉકેલવામાં તેને વધુ બે વર્ષ લાગ્યાં. પ્રોફેસર વેર્ગિયાની કહ્યું, "મારા વિદ્યાર્થી ઋષિએ તેનો ઉકેલ લાવ્યો છે. તેણે સદીઓથી વિદ્વાનોને મૂંઝવતા એક સમસ્યાનો અસાધારણ રીતે ભવ્ય ઉકેલ શોધી કાઢ્યો છે. જ્યારે આ ભાષામાં રસ વધી રહ્યો છે ત્યારે અભ્યાસમાં ક્રાંતિ લાવશે.